# ગાયકવાડ કાલીન શ્રીમંત ફતેહસિંવરાવ સાર્વજિનક પુસ્તકાલય

ડૉ.હરેશ કે. પંચાલ,
ઈતિહાસ વિભાગ
આસી.પ્રો. નવજીવન આર્ટ્સ એન્ડ કોર્મસ કોલેજ, દાહોદ

શ્રીમંત ફતેહસિંવરાવ સાર્વજિનક પુસ્તકાલય :-

પાટણ તાલુકાનું મુખ્ય સ્થળ અને રેલ્વે સ્ટેશન ધરાવનું મથક હતું તે સમયે પાટણની ૨૮૩૩૯ માણસની વસ્તી હતી. તેમાં ૧૩૯૦૪ પુરુષો અને ૧૪૪૩૫ સ્ત્રીઓ હતી. રાજયમાં જુનામાં જૂનુ ઐતિહાસિક શહેર પાટણ હતું. આમ વનરાજ ચાવડાએ અણહિલવાડ પાટણના સ્થાપના કરી હતી. ઈ.સ.૭૪૨ થી ૧૩૦૪ સુધી ચાવડા, સોલંકી વગેરે હિંદુ રાજાઓનું રાજય જૂનું પાટણ સરસ્વતી નદીના કિનારે વસ્યુ હતું. આમ પાટણમાં અલગ અલગ જાતિના લોકો વસતા હતા. કોળી, રબારી, કુંભાર, લુહાર, બ્રાહ્મણો, મોઢ વગેરે જાતિનામ લોકો વસતા હતા. કેટલાક વેપારીઓ પણ વેપાર કરતા હતા. આખા ભારત વર્ષમાં પાટણના પટોળા પણ પ્રખ્યાત છે. આમ તે સમયની પાટણની પ્રજા શિક્ષિણ પ્રજા હતી. આમ તે સમયના પાટણના શિક્ષિત લોકો દ્વારા કેટલીક સેવાભાવી પ્રવૃતિઓ કરવામાં આવી હતી. જેમ કે હાઈસ્કૂલો શરૂ કરવી, બાગ બગીચા, દવાખાના શરૂ કરવા. આમ આ બધી પ્રવૃતિઓ કરવામાં આવતી અને આ બધી પ્રવૃતિઓ લોકો દ્વારા, લોકો વડે અને લોકોના યોગદાનથી થતું હતું.

આમ તે સમયના પાટણના વાંચનપ્રિય લોકો દ્વારા પાટણમાં પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું હતું. પાટણના લોકોએ આપેલ પોતાનું અમૂલ્ય યોગદાનને જાણીએ.

પુસ્તકાલય એ જ્ઞાનની પરબ છે. આ પરબમાં જ્ઞાનની તરસ છીપાવવાની સગવડ રહેલી છે. આમ પુસ્તકાલય એટલે લોકશિક્ષણનું એક અમૂલ્ય સાધન છે. એવી માન્યતા ધરાવતા વડોદરા રાજયના શ્રીમંત મહારાજા સાહેબે પ્રજાજનોની ઉન્નતિ, વિકાસ અને પ્રગતિ માટે ફરજિયાત પ્રાથમિક કેળવણીની યોજના શરૂ કરી. ત્યારબાદ એ કેળવણી દ્વારા મેળવેલ જ્ઞાનમાં વધારો કરવાના હેતુથી આ પુસ્તકો વાંચવા અને મનન કરવાના પિપાસુઓને મળતા રહે તે માટે પુસ્તકાલયની પ્રવૃતિ શરૂ કરવામાં આવી અને તેને પોત્સાહન આપવામાં આવ્યું.૧

શ્રીમંત ફતેહસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલયની સ્થાપના ઈ.સ.૧૮૭૯ માં પાટણમાં એક ખાનગી માલિકીની સંસ્થાના રૂપમાં થઈ હતી. શરૂઆતના સમયમાં આ પુસ્તકાલયમાં ઉપયોગનો લાભ માત્ર સભાસદોને જ મળતો હતો. પરંતુ ધીમે ધીમે આ ખાનગી માલિકીની

સંસ્થાને ઈ.સ.૧૮૮૨ માં ભભપાટણ પુસ્તકાલયભભ નામ આપવામાં આવ્યું અને સાર્વજનિક પુસ્તકાલયના રૂપમાં સમસ્ત પ્રજાજન (લોકો) માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું.

આમ પાટણના કેટલાક વાંચનપ્રેમી લોકોના પ્રયાસોથી તે સાર્વજનિક પુસ્તકાલયમાં ફેરવાઈ ગયું. તે સમયે ઈ.સ.૧૮૮૪ ના ગાળામાં શ્રીમંત મહારાજા સાહેબે પાટણની મુલાકાત લીધી અને તે સમયે તેમણે પુસ્તકાલયને રોકડ રકમ આપી અને પુસ્તકાલયનું સ્વતંત્ર મકાન બાંધવા માટે જમીન પણ આપી હતી.

આમ તે આરસામાં ઈ.સ.૧૮૮૭ થી ૮૯ માં પાટણના દાતા સદગૃહસ્થોએ ઉદાર હાથે નાણાં આપ્યા અને હાલ જે ઈમારત છે તે ઈમારત ઈ.સ.૧૮૯૭ માં ત્રણ દરવાજા બહાર રૂા.૨૫૦૦૦ ના ખર્ચ બાંધવામાં આવી હતી તે ઈમારતનો આજે પણ પાટણના વાંચનપ્રિય લોકો ઉપયોગ કરી રહ્યા છે.

આ ઈમારતનું ઉદ્દઘાટન શ્રીમંત સંપતરાય ગાયકવાડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું અને આ પુસ્તકાલય સાથે રાજકુમાર શ્રીમંત ફતેસિંહરાવ મહારાજનું નામ જોડવામાં આવ્યું. આમ ત્યારથી આજ દિવસ સુધી આ પુસ્તકાલય “શ્રીમંત ફતેસિંહરાવ સાર્વજિનક પુસ્તકાલય” ના નામથી ઓળખાય છે.

ત્યારબાદ ઈ.સ.૧૮૯૧ થી શરૂઆતના ત્રણ વર્ષમાં મકાન બાંધતા બાકી દેવું ચૂકવા આ સંસ્થા દ્વારા ૧૪ આજીવન સભ્યો બનાવીને જે રકમ મળી તે રકમમાંથી સંસ્થાનું બાકી દેવું ભરપાઈ કરવામાં આવ્યું અને આમ ઈ.સ.૧૮૨૩ માં પુસ્તકાલયનું કાયમ ફંડ રૂા.૭૧૦ હતું. તે વર્ષ પાટણ સુધરાઈ દ્વારા પણ સંસ્થાને રૂા.૬૬ ગ્રાન્ટ આપવામાં આવી. ધીમે ધીમે સંસ્થા પગભર થતી ગઈ અને પાટણના એક દાતા દ્વારા સંસ્થાને એક ખેતર પણ બક્ષીસરૂપે આપવામાં આવ્યું. ધીમે ધીમે સંસ્થાનો વિકાસ કરવો અને આર્થિક સંકડામણમાંથી દૂર કરવા માટે આવકના નવા સાધનો ઉભા કરવા માટેના હેતુથી સંસ્થાની ઈમારતનો ઉપરનો મેડો માસિક રૂા.૨૦ ના ભાડે આપવામાં આવ્યો અને નીચેના મકાનનો અડધો ભાગ પાટણના વકીલોને બારરૂમ તથા સાંજના સમયે કલબ તરીકે વાપરવા આપવામાં આવ્યો અને તેમાંથી વાર્ષિક ૩૨૫ ભાડાની આવક ચભી કરવામાં આવી. આ ધીમે ધીમે સંસ્થામાં કાયમી ફંડમાં સારો વધારો થવા લાગ્યો. તે સમયે ઈ.સ.૧૯૦૬ થી ૧૯૧૩ ના ગાળામાં સુધરાઈ દ્વારા ગ્રાન્ટમાં વધારો કરવામાં આવ્યો અને વાર્ષિક રૂા.૩૦૦ ગ્રાન્ટ આપવાની શરૂ કરી. આમ  આવકમાં વધારો થવાથી પુસ્તકાલયમાં વર્તમાનપત્રો અને પુસ્તકોની છૂટ વરતાવા લાગી.૨

પુસ્તકાલયના વિકાસનો પ્રથમ દસકો (ઈ.સ.૧૮૯૧ થી ઈ.સ.૧૯૦૦) ::-

સંસ્થાની સ્થાપનાના શરૂઆતના ત્રણ વર્ષોમાં ઉત્સાહ સારો રભે હતો અને સંસ્થાનું મકાન બાંધતા બાકી રહેલું દેવું આજીવન સભાસદોની આવકમાંથી ભરવામાં આવ્યો. તે સમયે પુસ્તકાલયનું કાયમ ફંડ રૂા.૭૬૦ નકકી કરવામાં આવ્યું અને ઈ.સ.૧૮૯૭ માં ફરી ઉત્સાહ અમલદારોમાં અને પ્રજાજનો પૈકી વકીલ મંડળમાં જાગૃત થાય છે. પુસ્તકાલયનો મેડલ માસિક રૂા.૨૦ ના ભાડાથી અને પશ્ચિમ દિશા તરફની નીચેની ઓરડી દિવસે વડીલોને બેસવા માટે અને સાંજેના કલબ તરીકે વાપરવા માટે ભાડે આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના કારણે રૂા.૩૨૫ જેટલું ભાડાની આવક થતી હતી. આ ઉપરાંત રૂા.૫૦ ખેતરની સાંથ અને રૂા.૬૦ થી ૭૦ વ્યાજ અને લવાજમની આવક હતી. કયારે કયારે રૂા.૧૧૬ અને વધુમાં વધુ એક જ વર્ષમાં રૂા.૩૧૫૧ થી આવક થતી હતી. આ વર્ષોમાં પુસ્તકાલયને આજીવન સભાસદોની આવક સારી મળી હતી. ઈ.સ.૧૮૯૯ માં પુસ્તકાલય રૂા.૫૦ ની ફી ભરીને ગુજરાત વર્નાકયુલર સોસાયટીમાં નોંધણી કરાવી હતી અને સરેરાશ રૂા.૮૦ ના વર્તમાનપત્રો અને રૂા.૫૦ ના પુસ્તકો અને રૂા.૧૫૦ નોકરના પગાર તરીકે દર વર્ષ પુસ્તકાલય ખર્ચ કરતી હતી.

ઈ.સ.૧૯૦૧ થી ૧૯૧૦ સુધીનો પુસ્તકાલયનો બીજો દસકો ::-

આ દસકાના શરૂઆતના વર્ષોમાં લોકોના ઉત્સાહમાં ઘટાડો થતો હતો. કારણ કે પેપરો અને પુસ્તકોનો લાભ માત્ર સભાસદો લઈ શકતા હતા જેતી સભાસદોની સંખ્યા વધે તો લવાજમ વધે પરંતુ તે સમયે સરેરાશ ૧૫૦ થી વધારે લવાજમની આવક થતી ન હતી. ત્યારબાદ ઈ.સ.૧૯૦૬ થી સુધારઈએ વાર્ષિક ૩૦૦૦ ની મદદ આપી. પરંતુ તેમાં સુધારઈએ શરત કી કે સભાસદ સિવાયના પાટણના લોકો પણ વર્તમાનપત્રો વાંચવા દેવાની છૂટ આપવામાં આવે આ શરતે ઈ.સ.૧૯૧૩ સુધી નિયમિત આપવામાં આવતી હતી. આમ થવાથી સભાસદોની સંખ્યામાં ઘટાડો થયો અને સભાસદોની આવક ઘટી રૂા.૭૫ થઈ ગઈ. આ ઉપરાંત રૂા.૫૦ સાંઘનું અને રૂા. ૭૦ થી ૮૦ વર્તમાનપત્રો માટે રૂા.૧૫૦ પગાર અને રૂા.૪૦ થી ૫૦ પુસ્તકો ખાતે કરવામાં આવતો. ઈ.સ.૧૯૦૩ ની આખરે રૂા.૨૪૬૨ નું પુસ્તકાલયનું કાયમી ફંડ હતું. તેને પોસ્ટલ સેવિંગ બેંકમાં મૂકવામાં અવ્યું હતું. આમ આ દસકાના અંતમાં પુસ્તકાલયનું કાયમી ફંડ રૂા.૪૬૧ કયું હતું.

ઈ.સ.૧૯૧૧ થી ૧૯૨૦ નો ત્રીજો તબકકો ::-

આ દસકામાં શ્રીમંત મહારાજા સાહેબે ફરજિયાત શિક્ષણના પરિણામે ગામડામાં વાચનના અભાવે ધોવાઈ ન જાય જે કંઈ અક્ષરજ્ઞાન ત્રણ-ચાર વર્ષમાં નાનપણમાં માણસે મેળવેલું હોય તે વાંચન દ્વારા વધતું રહે તો પ્રજામાં માનસિક તથા નૈતિક બળ વધતું જાય. તે માટે પુસ્તકાલયો અન વાંચનાલયો ગામ ગામ પુસ્તકાલય ખાતાની સ્થાપના કરી પ્રજાને મોટામાં

મોટું દાન કર્યું. આ પુસ્તકાલયો સરકાર તથા પંચાયતની મદદ સ્વીકારવા ખાતાએ બે-એક વર્ષ સમજૂતી આપી ત્યારે છેવટે ઈ.સ.૧૯૧૪ માં ખાતાની ભલામણ પ્રમાણે પુસ્તકાલયને એટલે તેમાંના વર્તમાનપત્રો અને પુસ્તકોને જાહેર પ્રજાના મફત ઉપયોગ માટે ખુલ્લા મુકીને કસ્બા પુસ્તકાલયના ધોરણે રૂા.૩૦૦-૩૦૦ ની સરકાર અને પંચાયતની મદદ શરૂ થઈ ગઈ. તે સમયે પુસ્તકાલયના કેટલાક નવીન નિયમો ઘડી કાઢવામાં આવ્યા. નવા નિયમો મુજબ લવાજમ ભરનાર સભાસદોને ઘરે વર્તમાનપત્રો તથા પુસ્તકો આપવાના હક્ક આપ્યા હતા. તે સમયગાળામાં સુધરાઈ અને પંચાયત રૂા.૩૦૦ ગ્રાન્ટ આપી સારા પુસ્તકો જાહેર જાહેર પ્રજાના વાચનને માટે ખરીદવા ઈ.સ.૧૯૧૫-૧૬ અને ઈ.સ.૧૯૧૬-૧૭ માં રૂા.૨૦૦ ની પણ મદદ શ્રીમંત સરકાર તરફથી આપવામાં આવી. આ પ્રમાણે આ દસકામાં રૂા.૨૦૦ પંચાયતના, રૂા.૩૦૦ સુધરાઈના, રૂા.૧૫૦ ભાડાના, રૂા.૩૦૦ સાંથના, રૂા.૫૦ વ્યાજના, રૂા.૨૦૦ તથા લવાજમના રૂા.૧૨૫ મળીને કુલ રૂા.૧૨૪૫ વાર્ષિક સરેરાશ આવક મળતી હતી. આમ આવક વધવાથી દર વર્ષે રૂા.૨૦૦ થી ૨૫૦ વર્તમાનપત્રો માટે, રૂા.૩૫૦ થી ૪૦૦ નોકરના પગાર માટે, રૂા.૩૦૦ પુસ્તકોની ખરીદી માટે ખર્ચ કરવામાં આવતો હતો. આમ આ દસકાના અંત સુધીમાં પુસ્તકાલયમાં કાયમી ફંડ દર વર્ષની બચત ઉમેરાતા રૂા.૬૩૩૬ થતું હતું.૩

ઈ.સ.૧૯૨૦-૨૧ થ ઈ.ઈ.૧૯૨૮-૨૯ સુધીનો ચોથો દસકો ::-

આ પુસ્તકાલયને તે સમયે વાર્ષિક રૂા.૧૬૦૦ થી ૧૮૦૦ સુધીની આવક થતી હતી. જેમાં લોક મદદના રૂા.૧૦૦૦ થી ૧૨૦૦ નો જ ખર્ચ કરવામાં આવતો હતો. પાટણ શહેર વડોદરા રાજયમાં બીજા નંબરનું ૨૭૦૦૦ ની વસ્તી ધરાવતું હતું. પાટણમાં જુદી-જુદી જાતની કેળવણી હોવાથી તેમજ લવાજમ, વ્યાજની સારી રકમ લોક મદદ તરીકે ખર્ચતું હોવાથી આ પુસ્તકાલયને પ્રાન્ત-પુસ્તકાલયના ધોરણે મદદ આપવાની આવશ્યકતા નામદાર દિવાન સાહેબ, નાયબ દિવાન સાહેબ તથા પ્રાન્તના સુબાએ ખાસ સ્વીકારી હતી. ઈ.સ.૧૯૨૭-૨૮ અને ઈ.સ.૧૯૨૮-૨૯ માં એક ખાસ માણસ એલાવન્સથી રાખી શહેરની સ્ત્રીઓએ ઘેરબેઠા પુસ્તકો પુરો પાડવાની યોજના શરૂ કરવામાં આવી હતી. બાળકો માટેના પુસ્તકો પણ મંગાવવામાં આવ્યા હતા. આ દસકામાં પ્રજામાં વર્તમાનપત્રો વાંચવાનો શોખ વધ્યો અને તેમાં કેટલાક સદગૃહસ્થો તથા અમલદારો વર્તમાનપત્રો તથા પુસ્તકો એક કરતાં વધારે સંખ્યામાં ઘરે વાંચવા મળી રહે તે માટે લવાજમ ભરીને સભાસદો બનતા હતા. આમ તે દસકામાં લોકોનો ઉત્સાહ વધ્યો હતો.

આ પછીના વર્ષોમાં સંસ્થાના પુસ્તકોનું વર્ગીકરણ કરીને પુસ્તકાલયના પુસ્તકોનું રજીસ્ટર બનાવવામાં આવ્યું હતું.

ઈ.સ.૧૯૪૩-૪૪ માં સંસ્થાના ખેતરની જમીન રૂ.૨૮૧૦૦ માં વેચી મારવામાં આવી અને પાટણ સુધરાઈ ડીબેન્ચર્સ અને બરોડા બેંકના શેરોમાં રોકાણ કરી વ્યાજની આવક વધારવામાં આવી. ઈ.સ.૧૯૪૬-૪૭ માં નેશનલ સેવિંગ્સ સર્ટિફીકેટની પણ રોકાણ કરવામાં આવ્યું હતું.૪

ઈ.સ.૧૯૫૩-૫૪ માં આ પુસ્તકાલય શિષ્ટ વાંચનની પરીક્ષા કેન્દ્ર બન્યું હતું. આ રીતે સંસ્થાએ ધીરે ધીરે પ્રગતિના પંથે ૭૫ વર્ષ ઈ.સ.૧૯૬૫ માં પૂરા કર્યા. તે સમયે સંસ્થાનો "અમૃત મહોત્સવ" યજવવામાં આવ્યો.

-:: સંદર્ભ સૂચિ ::-

૧. સંપાદક મણિભાઈ પ્રજાપતિ અને મહેન્દ્ર પી. ખમાર "પાટણની શ્રી અને સંસ્કૃતિ, શ્રીમંત ફત્તેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય", પૃષ્ઠ-૧૦, ૧૧

૨. ચૌધરી કૃપા વી. "અર્વાચીન પાટણના ઘડવૈયા" અપ્રગટ એમ.ફિલ. લઘુશોધ નિબંધ, હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ઈ.સ.૨૦૦૮-૦૯, પૃષ્ઠ-૭૬

૩. પૂર્વાકત, " પાટણની શ્રી અને સંસ્કૃતિ" પૃષ્ઠ-૧૮, ૧૯

૪. એજન, પૃષ્ઠ-૨૦, ૨૧